# આપના માટેની ભવિષ્યવાણી

***Know Your Future Definately***

**મૂળગ્રંથ**

શ્રીમહાવીરચરિયં

**મૂળગ્રંથકાર**

શ્રીનેમિચન્દ્રસૂરિજી

**ભાવાનુવાદ**

પ્રિયમ્

# *The secret of the* FUTURE

પરમ કૃપાળુ પરમાત્માએ

કેવળજ્ઞાનના અરીસામાં

આપણો આગામી જન્મ તો જોયો

પણ

દરેક જીવના આગામી જન્મની વાત કરવી

એ તો શી રીતે શક્ય બને ?

અને

એ કરુણાસાગરને

માત્ર ભવિષ્ય જ ન'તુ ભાખવું

પણ ભવિષ્ય સુધારવું પણ હતું

એ માટે

એમણે એવું જ્ઞાન આપ્યું

જેમાં બધાં જ જીવોના

આગામી જન્મો સમાઈ જાય.

*Here is that cream*

*Have it*

*Take the benefit of it.*

*Wish you all the best.*

संपइ कम्मपरिणइं निसामेहि –

कम्मेण विचित्तेणं संसारं भमइ चउगइसमेयं ।
विविहाओ अवत्थाओ पावइ जीवो सकम्मेणं ।।३७४।।

જાત જાતના કર્મોને કારણે જીવો ચાર ગતિના સંસારમાં ભટક્યા કરે છે અને પોતાના જ કર્મથી જાત જાતની અવસ્થાઓને પામે છે.

तथाहि –

जो मारओ जियाणं परधणपरदारहिंसओ चमडो ।
महआरम्भपरिग्गहसत्तो मुणिखिंसणपरो य ।।३७५।।

कुणिमाहारपसंगी तन्दुलमच्छो व्व रुद्दपरिणामो ।
मिच्छद्दिट्ठी मरिउं दुहपरे जाइ सो नरए ।।३७६।।

જે જીવોને મારે છે, બીજાની સંપત્તિ અને બીજાની પત્નીને લઈ લે છે, જેને ભયંકર ગુસ્સો આવે છે, મોટી હિંસા ને મોટા વૈભવ પાછળ જે પાગલ છે, જે મુનિઓની નિંદા-કુથલી કરે છે, જે માંસાહાર કરે છે, તંદુલ મત્સ્ય જેવા જેના ભયંકર વિચારો છે, કે ‘આ મોટા માછલાની જગ્યાએ હું હોઉં તો બધાં ય માછલાઓને ચાવી ખાઉં એકે ય ને ન જવા દઉં.’ ને જેને જિનવચન પર શ્રદ્ધા નથી, એ મરીને નરકમાં જાય છે, જ્યાં દુઃખ સિવાય બીજું કાંઈ જ નથી.

तत्थवि –

पढममसन्नी बीयं सिरीसिवा पक्खिणो य तइयम्मि ।
सीहाइया चउत्थिं उरगा पुण पञ्चमं जन्ति ।।३७७।।

छट्ठं च नरित्थीओ मच्छा मणुया य सत्तमं नरयं ।
उक्कोसेणं एसा भणिया नरयम्मि उप्पत्ती ।।३७८।।

તેમાં પણ અસંજ્ઞી, મનરહિત પંચેન્દ્રિયો વધુમાં વધુ પહેલી નરકમાં જાય છે. સરડા વગેરે સરીસૃપો વધુમાં વધુ બીજી નરક સુધી જાય છે, એમ પંખીઓ ત્રીજી નરક સુધી, સિંહ વગેરે ચોથા નરક સુધી, સાપ પાંચમી નરક સુધી, મનુષ્ય-સ્ત્રીઓ છટ્ઠી નરક સુધી તથા માછલાઓ અને મનુષ્યો સાતમી નરક સુધી જઈ શકે છે.

**अट्टज्झाणोवगया परदुक्खुप्पायगा नियडिबहुला ।**
**बहुमोहऽन्नाणपरा जीवा तिरियत्तणमुवेन्ति ।।३७९।।**

જેઓ આર્ત્તધ્યાનમાં ડુબેલા છે એટલે કે ગમતી વસ્તુ મને ક્યારે મળે એનો વિચાર કરે છે કે અણગમતી વસ્તુ ક્યારે ટળે એની ચિંતા કરે છે અથવા તો હાય હાય આ દુઃખ ક્યાં આવી પડ્યું એવો અફસોસ કરે છે કે મારા ધર્મથી મને આવું આવું સુખ મળો એવો સોદો કરે છે. તે જીવો તિર્યંચગતિમાં જન્મે છે. પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિના જીવો કીડા-મકોડા-માખી-મચ્છર વગેરે જીવો કૂતરા, ગાય, હાથી, ઘોડા વગેરે પશુઓ અને કબૂતર, ચકલી વગેરે પંખીઓ આ બધાં તિર્યંચગતિના જીવો છે. જેઓ બીજાને દુઃખ આપે છે, જેઓ છળ-કપટ બહુ કરે છે, જેઓને બહુ મોહ અને અજ્ઞાન હોય છે, એ જીવો પણ તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે.

**अप्पकसाया दाणुज्जया य खमविणयमद्दवपहाणा ।**
**दक्खिण्णपरा पयईए भद्दगा जन्ति मणुयत्तं ।।३८०।।**

ગુસ્સો, અભિમાન, કપટ કે લોભ આ બધું જેમને બહુ નથી હોતું, જેઓ દાન આપવામાં તત્પર છે, સહનશીલતા, વિનય અને કોમળતા જેમનો સ્વભાવ છે, જેઓ કોઈની ભાવનાને ઠેસ નથી પહોંચાડતા જેઓ પ્રકૃતિથી જ સારા-સજ્જન છે તેવા જીવો માનવ અવતાર પામે છે.

**जे य महव्वयधारी अविरयसम्मा य देसविरया य ।**
**जिणपूयणदाणरया बालतवाऽकामनिज्जरणा ।।३८१।।**

परिणामविसुद्धीए देवाउयकम्मबन्धजोगाए ।
नरपञ्चिन्दियतिरिया सुरगइगमणं समज्जिन्ति ॥३८२॥

જેઓ મહાવ્રતધારી મુનિ ભગવંતો છે, જેઓ દેશવિરત કે અવિરત શ્રાવક છે. જેઓ જિનપૂજામાં અને દાન આપવામાં તત્પર છે. જેઓ અજ્ઞાનતપ કરે છે કે ઈચ્છા વિના પણ ખૂબ સહન કરે છે, તેવા મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચોને દેવલોકના આયુષ્યને બાંધવા યોગ્ય શુભ ભાવો આવે તો તેઓ દેવલોકમાં દેવ તરીકે જન્મે છે.

अवि य –

साहू जा सव्वट्ठं सोहम्मा जाव अच्चुयं सड्ढो ।
वावन्नदंसणो वि हु मुणिलिङ्गी जाव गेवेज्जे ॥३८३॥

पञ्चिन्दिओ तिरिक्खो गुणधारी जाइ जा सहस्सारं ।
परिवायगा य बम्भे जोइसिए तावसा जन्ति ॥३८४॥

મુનિવરો ઉત્કૃષ્ટ દેવલોક = સર્વાર્થસિદ્ધ સુધી જાય છે. મુનિવરો ઓછામાં ઓછું પહેલા વૈમાનિક દેવલોક = સૌધર્મ સુધી જાય છે. શ્રાવક વધુમાં વધુ બારમા વૈમાનિક દેવલોક = અચ્યુત સુધી જાય છે. શ્રાવક ઓછામાં ઓછું સૌધર્મ સુધી જાય છે. સાધુવેષધારી મિથ્યાદૃષ્ટિ હોય તો ય વધુમાં વધુ ગ્રૈવેયક દેવલોક સુધી જાય છે. ગ્રૈવેયક એ ઉત્કૃષ્ટ દેવલોકની નીચેનો દેવલોક છે. દેશવિરતિધર = વ્રત-પચ્ચક્ખાણવાળા પશુ-પંખીઓ આઠમા વૈમાનિક દેવલોક = સહસ્રાર સુધી જાય છે. પરિવ્રાજકો = અમુક ધર્મના સંન્યાસીઓ પાંચમા વૈમાનિક દેવલોક = બ્રહ્મલોક સુધી જાય છે. તાપસો = અમુક ધર્મના બાવાઓ વધુમાં વધુ સૂર્ય/ચન્દ્ર/ગ્રહ/નક્ષત્ર/તારા = જ્યોતિષ દેવલોક સુધી જાય છે.

बालतवे पडिबद्धा उक्कडरोसा तवेण गारविया ।
वेरेण य पडिबद्धा मरिउं असुरेसु गच्छन्ति ॥३८५॥

જેઓ સમ્યગ્દર્શન વિના તપસ્યામાં રાચે છે, જેમનો ગુસ્સો બહુ ઉગ્ર છે, જેમને તપનો બહુ અહંકાર છે, જેમને વેર બાંધતા વાર નથી લાગતી તેઓ કદાચ દેવલોકમાં જાય તો ય હલકા દેવલોકમાં = અસુરનિકાયમાં જન્મે છે.

**रज्जुग्गहणे विसभक्खणे य जलणे य जलपवेसे य ।**
**तण्हाछुहाकिलन्ता मरिऊणं होन्ति वन्तरिया ॥३८६॥**

જે ફાંસો ખાય, ઝેર ખાય, બળી મરે, પાણીમાં ડુબી જાય કે ભૂખ-તરસથી મરી જાય તેમને જો મરતી વખતે શુભ ભાવ હોય તો તેઓ મરીને સૌથી હલકા દેવલોક = વ્યંતરનિકાયમાં જન્મે છે.

**असढा विणयपहाणा सुसहावा अप्पलोह खमजुत्ता ।**
**सच्चव्वया अचवला महिला पुरिसत्तणमुवेइ ॥३८७॥**

એવી નારી જેનામાં કોઈ છળ-કપટ નથી, જેનામાં વિનય ખૂબ છે, જેનો સ્વભાવ સારો છે, જેને બહુ લોભ નથી, જે ક્ષમાનો ભંડાર છે, હંમેશા સાચું બોલે છે અને જે ચંચળ નથી, તે બીજા જન્મમાં પુરુષ થાય છે.

**अलियब्भक्खाणरओ असच्चभासी य चञ्चलसहावो ।**
**साहसकारी परवञ्चणो य पुरिसो हवइ महिला ॥३८८॥**

જે બીજા પર ખોટા આરોપ ચડાવે છે, જે ડગલે ને પગલે ખોટું બોલે છે, જેનો સ્વભાવ ચંચળ છે, જે હિત-અહિતનો વિચાર કર્યા વિના કામ કરે છે અને જે બીજાને છેતરે છે એવો પુરૂષ બીજા જન્મમાં સ્ત્રી થાય છે.

**जो तुरयवसहमहिसाइयाण निल्लञ्छणं कुणइ कूरो ।**
**उक्कडमोहो य तहा जीवो संढत्तणमुवेइ ॥३८९॥**

જે ક્રૂર વ્યક્તિ ઘોડા, બળદ, પાડા વગેરેને ખસીકરણ કરે છે અને જેનો મોહ ખૂબ ઉત્કટ છે તે બીજા જન્મમાં નપુંસક થાય છે.

पुढवाईवहनिरओ परलोयं नेय मण्णए मूढो।
अइसङ्किलिट्ठकम्मो अप्पाऊ सो भवे पुरिसो ॥३९०॥

જે વ્યક્તિ પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિના જીવોની હિંસા કર્યા કરે છે જેનું અજ્ઞાન એટલું ગાઢ છે કે એ પરલોકમાં માનતો જ નથી. જેના કર્મો ખૂબ જ ભારે છે એ ટૂંકા આયુષ્યવાળો થાય છે.

सीलव्वयखन्तिजुया अणुकम्पासंजुया महुरभासी।
पाणिवहाओ नियत्ता दीहाऊ जन्तुणो होन्ति ॥३९१॥

જેમની પાસે સારું શીલ, સુંદર વ્રતો અને સહનશીલતા છે, જેમના હૃદયમાં કરુણા છે જેઓ મીઠું બોલે છે જેઓ જીવોની હિંસા કરતા નથી એવા જીવો લાંબા આયુષ્યવાળા થાય છે.

सयणासणवत्थं वा भत्तं पत्तं च ओसहं पाणं।
साहूण देइ तुट्ठो सो भोगी जायए पुरिसो ॥३९२॥

જે ખૂબ પ્રસન્નતાથી સાધુઓને મકાન, બેઠક, વસ્ત્ર, પાત્ર, ગોચરી-પાણી અને ઔષધ આપે છે તે જીવને બીજા જન્મમાં મનગમતા વિષયસુખો પ્રાપ્ત થાય છે.

देइ न निययं सन्तं दिन्नं हारेइ वारए दिन्तं।
देइ य अमणुन्नं वा भोगेहिँ विवज्जिओ होइ ॥३९३॥

જે પાતાની પાસે હોવા છતાં સાધુઓને ન આપે, અથવા તો આપીને પાછું લઈ લે, અથવા તો કોઈ આપતું હોય એને અટકાવે, અથવા તો ખરાબ વસ્તુ આપે તેને મનગમતા વિષયસુખો મળતા નથી.

अगुणो वि गव्विओ जो अप्पं संथुणइ निन्दइ गुणड्ढं।
माणी विडम्बओ जो सो आयइ दुब्भगो पुरिसो ॥३९४॥

જેનામાં ગુણો નથી, તો ય અહંકારનો પાર નથી, જે પોતાના વખાણ

કર્યા કરે છે જે ગુણ સમૃદ્ધ આત્માની નિંદા કરે છે આ રીતે જે અભિમાની સ્વ-પરની વિંડબના કરે છે, તે બીજા જન્મમાં કમનસીબ થાય છે. એ ડગલે ને પગલે ઠોકરો ખાય છે.

**गुरुदेवाणं भत्तो विणयपरो खन्तिजुत्त मिउभासी ।**
**सव्वजणप्पियकारी सो पुरिसो जायए सुहगो ।।३९५।।**

ગુરુ અને ભગવાન પ્રત્યે જેને ભક્તિભાવ છે, જે વિનયમાં તત્પર છે, જેના હૃદયમાં ક્ષમા છે, જેના વચનમાં કોમળતા છે, જે બધા લોકોને પ્રિય થાય એવું કામ કરે છે, તે બીજા જન્મમાં સદ્નસીબ થાય છે, એની દરેક ઈચ્છાઓ સફળ થાય છે.

**जो पढइ सुणइ चिन्तइ अन्नं पाढेइ देइ उवएसं ।**
**सुयगुरुभत्तीजुत्तो मरिउं सो होइ मेहावी ।।३९६।।**

જે જિનવચનનો અભ્યાસ કરે છે, જે એને સાંભળે છે, જે એનું ચિંતન કરે છે, જે બીજાને એ ભણાવે છે, ને એનો ઉપદેશ આપે છે, જ્ઞાન અને ગુરુ આ બંનેનો જે ભક્ત છે. તે બીજા જન્મમાં ખૂબ બુદ્ધિશાળી થાય છે.

**तवणाणगुणसमिद्धं अवमन्नइ वट्टई य विग्घम्मि ।**
**पढणसवणाइयाणं दुम्मेहो होइ सो पुरिसो ।।३९७।।**

તપ અને જ્ઞાન ગુણથી સમૃદ્ધનું જે અપમાન કરે છે, જે એમની આરાધનામાં વિઘ્ન કરે છે, એમને ભણતા-શીખતા-સાંભળતા અંતરાય-ખલેલ કરે છે, એ બીજા જન્મમાં ખૂબ જ મંદબુદ્ધિવાળો થાય છે.

**पक्खीण सावयाण य विच्छोहं न य करेइ जो पुरिसो ।**
**जीवेसु य कुणइ दयं तस्स अवच्चाइँ न मरन्ति ।।३९८।।**

પશુ-પંખીઓના બચ્ચાઓને જેઓ તેમની માતાથી છુટ્ટા પાડતા નથી અને જે જીવદયા કરે છે, તેના સંતાનો મૃત્યુ પામતા નથી.

**जो परछिद्दाइँ अदिट्ठयाइँ दिट्ठाइँ जम्पइ अणज्जो ।
छायाभंसपयत्तो जच्चन्धो होइ सो मणुओ ।।३९९।।**

જેણે બીજાના દોષો ન જોયા હોય તો ય જોયા છે એમ કહે, જે દુર્જન-અનાર્ય હોય, જે બીજાની શોભામાં ભંગાણ પાડતો હોય, તે બીજા જન્મમાં જન્મથી જ આંધળો થાય છે.

**असुयं पि सुयं भासइ धम्मविरुद्धाइँ कहइ लोयस्स ।
पिसुणो परतत्तिल्लो सो बहिरो होइ मूओ य ।।४००।।**

જેણે જે ન સાંભળ્યું હોય એ પણ મેં સાંભળ્યું છે એમ કહે અને લોકોને ધર્મવિરુદ્ધ વાતો કરે, બીજાની ચાડી-ચુગલી કરે, પારકી પંચાત કર્યા કરે, તે બીજા જન્મમાં બહેરો અને મૂંગો થાય છે.

**दहणंकणघायणछेयणेहिँ दुक्खं जियाण पकरिन्तो ।
बहुरोगी होइ नरो विवरीओ जायइ अरोगो ।।४०१।।**

જે જીવોને ડામ આપે, ધારદાર શસ્ત્રથી એમના પર ચિહ્ન કરે. એમના અવયવોને કાપી નાખે અને આ રીતે જીવોને ખૂબ પીડા આપે તે બીજા જન્મમાં ઘણા રોગવાળો થાય છે અને જે આવું કશું જ ન કરે પણ જીવો પર દયા કરે તે નીરોગી થાય છે.

**जो कुणइ अन्तरायं धणज्जणे णासगं व्व अवहरइ ।
परधणहरणपसत्तो दोगच्चं लहइ सो पुरिसो ।।४०२।।**

જે બીજાને પૈસા કમાવવામાં અતંરાય કરે, બીજાએ વિશ્વાસથી મુકેલી થાપણને જે હડપ કરી લે, બીજાના ધનને ચોરી લેવામાં જે તત્પર હોય તે બીજા જન્મમાં ગરીબ થાય છે.

**महुघाय अग्गिदाहं वहणं जो कुणइ इत्थियाईणं ।
बालवणस्सइघाई कुट्ठी सो जायए पुरिसो ।।४०३।।**

જે મધપૂડાનો ઘાત કરે, જે જંગલ વગેરેમાં આગ લગાડે, જે સ્ત્રી વગેરેની હત્યા કરી નાંખે, જે બાળકોની હત્યા કરે કે જે વૃક્ષોને કાપી નાંખે તેને બીજા જન્મમાં કોઢ રોગ થાય છે.

**जो महिस खरं करहं अइभारारोवणेण पीडेइ ।**
**अहवा मणुस्सजाइं सो पुरिसो खुज्जओ होइ ।।४०४।।**

પાડા, ગધેડા કે ઊંટ વગેરે પર જે ખૂબ ભાર ચડાવે ને તેમને દુઃખી કરે અથવા તો કુલી વગેરે નોકર પર ખૂબ બોજો ચડાવે ને એમને ત્રાસ આપે તે બીજા જન્મમાં કુબડો થાય છે. એને વાંકુ વળી ગયેલ કદરૂપું શરીર મળે છે.

**मण्टा वडभा य सया साहूणमणज्जकारिणो होन्ति ।**
**विच्छोहकारयाणं न पयाण थिरत्तणं होइ ।।४०५।।**

જેઓ સાધુઓને સતાવે, તેઓ બીજા જન્મમાં આંગળા વગરના અને ઠીંગણા થાય છે. જેઓ માતા અને બચ્ચાઓને/સંતાનોને છુટ્ટા પાડે તેમના સંતાનો સ્થિર થતા નથી યા તેઓ મરેલ જન્મે છે, યા નાની ઉંમરમાં મૃત્યુ પામે છે ને યા તો આજીવન માતા-પિતાથી અલગ રહે છે.

**तवसीलसंजुयाणं जो जम्पइ विप्पियं असच्चं वा ।**
**सो पूइमुहो जायइ कुण्ठो पुण पण्हिघाएणं ।।४०६।।**

તપ અને શીલના ધારકની સાથે જે ખરાબ રીતે વાત કરે છે, જે એમને અણગમતી વાત કહે છે, જે એમને ખોટી વાત કહે છે તે બીજા જન્મમાં ગંદકી ભરેલા મોઢાવાળો થાય છે અને જે તેવા ગુણવાનોને લાત મેર તે બીજા જન્મમાં વિકલાંગ થાય છે.

આત્મન્ ! આ સમગ્ર જિનવચનથી આપણએ બે શીખ લેવાની છે.

(૧) આપણી વર્તમાન પરિસ્થિતિનું સર્જન આપણે જ ભૂતકાળમાં કર્યું છે. એના માટે કોઈને પણ કોઈ દોષ દેવા જેવો નથી. આપણા જ કર્મોનું ફળ આપણે સમતા સાથે ભોગવી લઈએ તો સસ્તામાં છૂટી જઈશું. ઊંચા-નીચા થઈશું, રડશું, કકળશું ને ફરિયાદ કરશું કે એ દુઃખોથી છૂટવા નવા પાપો કરશું તો દુઃખોના ગુણાકારો થશે. આપણો કચ્ચરઘાણ વળી જશે. Please don't be foolish..... Please.

(૨) બીજી શીખ એ છે કે આપણું ભવિષ્ય આપણા હાથમાં છે. એનું સર્જન એક માત્ર આપણને જ આધીન છે. આવતા ભવમાં આપણે ક્યાં જનમવું, કેવા જનમવું, કેવું જીવન જીવવું એ બધું જ આપણે આ જીવનમાં નક્કી કરવાનું છે.

એના વિષે આપણે કંઈ વિચારીએ કે ન વિચારીએ પણ આાપણા મન-વચન-કાયાની પ્રવૃત્તિ દ્વારા સતત ને સતત એ નક્કી થઈ રહ્યું છે.

આત્મન્ ! Please, be alert, completely alert. એક હજાર CCTV cameras ની વચ્ચે માણસ જેટલો Alert થઈ જાય એના કરતાં હજારગણી Alertness હશે તો આપણું Future safe છે, તો આપણું Future Golden છે, તો આપણે સુખી જ થઈશું એ નિશ્ચત છે.

આત્મન્ ! Please, follow the Jinvachan, this is the nectar on the earth. The real nectar. This is the actual end of all the sorrows.... all the pains of all the cycle of the births & deaths.

Please, come to drink it અહીં જે વાત કરી છે તે તો ફક્ત નમૂનો છે. જિનવચન તો વિરાટ છે. એનો શબ્દ શબ્દ અદ્ભુત છે.

આત્મન્ ! કમ સે કમ તું એટલું જરૂર નક્કી કરજે કે રોજ Min.

1 hour મારે જિનવચનના અમૃતનું પાન કરવું. તારા સ્વર્ણિમ ભવિષ્યની દિશામાં આ પણ એક મક્કમ પગલું બની જશે. Wish you all the best.

પરમ તારક શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

✳